ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૬.૮ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૨ ટકા ● સાંજે ૫૫ ટકા
ગાંધીનગર તાપમાન

વરસાદ બંધ થવા છતાં શાકભાજીના ભાવો ઘટતા નથી

બટાકા-ડુંગળી સહિત તમામ શાકભાજીના ભાવો હજુ ખૂબ ઉંચા રહેતા ગૃહિણીઓનું બજેટ ખોરવાયું

ગાંધીનગર, તા.૭

આ વર્ષનો વધુ વરસાદ હજુ ગૃહિણીઓને કનડી રહ્યો છે. વધુ વરસાદના કારણે શાકભાજીનો પાક નિષ્ફળ જતાં અને વાહન વ્યવહાર અટકતા શાકભાજીના ભાવો આસમાને પહોંચ્યા હતા. પરંતુ હવે તો વરસાદ બંધ થયે ઘણા દિવસો થયા હોવા છતાં ભાવોમાં કોઈ પણ પ્રકારનો ઘટાડો ન થતાં ગૃહિણીઓ હેરાન પરેશાન થઈ ચુકી છે. શાકભાજી માટેનું ગૃહિણીઓનું બજેટ ખોરવાયું છે.

શાકભાજીના ભાવોએ તોબા પોકારાવી દીધી છે. તમામ શાકભાજીના ભાવો એટલા ઉંચા છે કે ગૃહિણીઓ ખરીદી કરતા અચકાયછે. થાળીમાં આજકાલ લીલા શાકભાજીના બદલે કઠોળ વધુ દેખાઈ રહ્યાં છે. જે ઘરોમાં બે શાક બનતા હતા ત્યાં એક જ શાકથી કામ ચલાવાઈ રહ્યું છે. આ વર્ષે વરસાદ ખૂબ પડયો. ઠેર ઠેર ખેતરોમાં પાણી ભરાઈ ગયા. હજુ પંદર વીસ દિવસ પહેલાં સુધી વરસાદે ધબધબાટી બોલાવી હતી. વધુ વરસાદના કારણે શાકભાજીનો ઉતાર ઓછો રહેતા શાકભાજીના ભાવો આસમાને પહોંચ્યા છે. સામાન્ય કહી શકાય તેવા અને રોજબરોજમાં ઉપયોગમાં લેવાય તેવા ડુંગળી બટાકાના ભાવો પણ ખૂબ વધી ગયા હતા. ડુંગળી બટેકાના ભાવો વધવાની સાથે જ ટામેટાં, દૂધી, રીંગણ, ગુવાર, કોબીજ, ફુલાવર જેવી શાકભાજીના ભાવો પણ ૮૦ થી ૧૦૦ રૂપિયે કીલો પહોંચી ગયા હતા. વેપારીઓએ એવું આશ્વાસન આપ્યું હતું કે વરસાદ બંધ થશે અને ઉઘાડ નીકળશે એટલે શાકભાજીના ભાવો ઘટશે. પરંતુ ઉઘાડ નીકળે ઘણાં દિવસો થઈ ગયા હોવા છતાં શાકભાજીના ભાવોમાં કોઈ ઘટાડો થયો નથી. ડુંગળી બટાકાના ભાવ તો દિવસે દિવસે વધી રહ્યા છે. ગૃહિણીઓ કયારે શાકભાજીના ભાવો ઘટે તેની રાહ જોઈ રહી છે. શિયાળો હવે ટૂંક સમયમાં શરૂ થશે. પરંતુ આવા સમયે પણ શાકભાજીના ભાવો ખૂબ ઉંચા રહેતા ગૃહિણીઓ મુંઝવણમાં મુકાઈ છે. લીંબુ, આદુ અને કોથમીર જેવા જરુરી મસાલાનો ભાવ પણ વધુ છે.

એક તરફ સરકાર ખેડૂતોને જાતભાતની મદદ કરી રહી છે. તેમને તેમના ઉત્પાદનોના પૂરતા ભાવ મળતા નથી જયારે ગૃહિણીઓ મોંઘા ભાવે શાકભાજી ખરીદવા મજબૂર બની છે. વચેટિયાઓ શાકભાજીને ખૂબ મોંઘા બનાવી રહ્યા છે. સરકારનું તેમના પર જાણે કોઈ નિયંત્રણ જ નથી. સરકાર ખેડૂતોને મદદ કરી રહી છે તો ગૃહિણીઓને પણ સસ્તા ભાવે શાકભાજી અને અન્ય ખેત ઉત્પાદનો મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

દર વર્ષે ચોમાસા બાદ સેકટરોમાં વૃક્ષારોપણ કરવામાં આવે છે. આ વૃક્ષારોપણ ઝુંબેશ અંતર્ગત રોપાઓને રખડતા ઢોરોથી બચાવવા માટે ટ્રી ગાર્ડ લગાવવામાં આવે છે. મનપાની ગ્રાન્ટમાંથી લગાવવામાં આવતા આ ટ્રી ગાર્ડની યોગ્ય દેખરેખ થતી નથી. જેના કારણે તે ઘણા સ્થળોએ તુટેલા ભાંગેલા જોવા મળે છે. ટ્રી ગાર્ડ પડી જતાં રોપાઓનો ઉછેર પણ અટકી જાય છે.

ફરીવાર મનપાની ઢોર પકડ પાર્ટી પર હુમલો

ખ-૩ પાસે કર્મચારીઓને મારમારી ઢોર છોડાવી ગયા

ગાંધીનગર, તા.૭

મહાનગર પાલિકાની ઢોર પકડ પાર્ટી પર વધુ એક વખત હુમલાની ઘટના સામે આવી છે. મંગળવારના રોજ ખ-૩ પાસે ઢોર પકડી પાર્ટીના કર્મચારીઓને માર મારીને ગાળો બોલીને માલધારી પરિવાર પોતાના ઢોર છોડાવી ગયા હતા. ખ-૩ સર્કલ પાસેથી બે ગાયને પકડી હોવાથી ઢોર પકડ પાર્ટી અને માલધારી પરિવાર વચ્ચે મારામારીના દ્રશ્યો સર્જાયા હતા. સમાન્ય રીતે ઢોર પકડ પાર્ટી સાથે એસઆરપીની ટુકડી હોય છે. પરંતુ ખ-૩ પાસેના બનાવ સમયે ટુકડી હાજર ન હતી. જેથી એકલા જ ઢોર પકડવા કર્મચારીઓ નીકળી પડ્યા હોય તેમ લાગી રહ્યું છે. સમગ્ર મુદ્દે કેટલ કોન્ટ્રાકટર વિરેન્દ્રસિંહ શેખાવતની ફરીયાદને લઈ પોલીસે તપાસ શરુ કરી છે.

ગાંધીનગર શહેરના નગરજનોના મતે મુખ્ય ત્રણ પ્રશ્નો મનપા તંત્રને પણ સતાવી રહ્યા છે. જેમાં દબાણ, ગંદકી અને રખડતા ઢોર, પરંતુ તંત્ર દ્વારા એક પણ પ્રશ્ન હજુ સુધી હલ થયો નથી તેમ નગરજનોનું માનવુ છે. શહેરમાં રખડતા ઢોર ટ્રાફિકમાં અડચણરૂપ બને છે. જયારે માર્ગ પર અડીંગો નાંખીને ઢોર બેસતા વાહનચાલકોને પણ પારાવાર હેરાન ગતિ વેઠવી પડે છે. શહેરના ખુલ્લા માર્ગ પર અચાનક રખડતા ઢોરને પગલે અકસ્માતના બનાવો પણ બનતા રહે છે. ત્યારે મનપા તંત્ર દ્વારા ઢોર પકડી પાર્ટી ઉભી કરાઈ છે, જેના પર અગાઉ હુમલા પણ થયા છે. ત્યારે ઢોર પકડ પાર્ટીની સાથે એસઆરપીની ટુકડી સાથે હોય છે. ત્યારે ગતરોજ બપોરના સુમારે વાવોલ તરફથી ખ-૩ પાસેથી ઢોર પાર્ટીના કર્મચારીઓએ બે ગાયને પકડી હતી.જેને પગલે માલધારી પરિવારના સભ્યો અને કર્મચારીઓ સામસામે આવી જતા મારામારીના દ્રશ્યો સર્જાયા હતા. ઢોર પકડ પાર્ટી પર હુમલો કરી પોતાના પશુઓ છોડાવી ગયા હતા. પાર્ટીના કર્મચારીઓને માર મારીને અપશબ્દો બોલી જાનથી મારી નાંખવાની ધમકીને પગલે કેટલ કોન્ટ્રાકટર વિરેન્દ્રસિંહ શેખાવતની ફરીયાદને લઈ પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સેક્ટર-૩-ડી વસાહત મંડળ દ્વારા શ્રધ્ધાંજલિ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૭

આખો દેશ 'વિશ્વ વ્યાપી કોરોનાના' સંકજામાં સપડાયેલ છે ત્યારે સેકટર-૩ના ઘણા બધા સ્વજનો આ મહામારીના કારણે પ્રભુ શરણે ગયા છે. આવા દિવ્ય આત્માને શ્રદ્ધાંજલિ આપવા માટે અને તેમના આત્માને ચીર શાંતિ મળે તેમજ તેમના કુટુંબીજનો ઉપર આવી પડેલ આફતને સહન કરવાની પ્રભુ અથાગ શકિત આપે તેવા શુભ આશયથી સેકટર-૩ વસાહત મંડળ દ્વારા શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ આગામી તા. ૧૧મી ઓકટોબરના રોજ સાંજે ૫.૩૦ કલાકે સાંઈબાબા મંદિર સે-૩ ખાતે યોજવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં સેકટર-૩ના વસાહતીઓને વધુમાં વધુ સંખ્યામાં ઉપસ્થિત રહી શ્રદ્ધાસુમન અર્પણ કરવા જણાવાયું છે.

સે-૨૫ ફરતે પ્રોટેકશન વૉલ બનાવવા રહીશોની માંગ

છેવાડાના સેકટરમાં રખડતા ઢોરનો ત્રાસ તેમજ ચોરીની વધતી ઘટનાઓથી વસાહતીઓ ચિંતિત

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરના સેકટર-૨૫ ખાતે સૂર્યનારાયણ સોસાયટીના રહીશો દ્વારા રખડતા ઢોરો અને વધી ગયેલી ચોરીની ઘટનાઓના પગલે સેકટર ફરતે સંરક્ષણ દિવાલ બાંધવા માંગ કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે પાટનગરની રચનામાં સેકટરોના ફરતે પ્રોટેકશન વોલ બનાવાયેલી હતી તે કાળકમે નાશ પામી છે અને તેને કેટલાક સેકટર્સમાં ફરી ઉભી કરવામાં આવી છે. થોડા સમય અગાઉ જ મનપાએ તમામ સેકટર્સને ફરતે પ્રોટેકશન વૉલ ઉભી કરવામાં આવશે તેવું જાહેર કરવામાં આવ્યું હતું પરંતુ હજુ સુધી આ બાબતે કઈ નક્કર કામગીરી થઈ હોય તેવું જણાતું નથી.

સેકટર-૨૫ની સૂર્યનારાયણ સોસાયટીના જાગૃત રહીશોના જણાવ્યા મુજબ તેમનું સેટર છેવાડાનું સેકટર હોવાથી અને ચોતરફથી ખુલ્લુ હોવાને કારણે રખડતા ઢોરોનો ત્રાસ ખુબ વધી જવા પામ્યો છે. આ ઉપરાંત સેકટરમાં વારંવાર ચોરીની ઘટનાઓ પણ બનતી રહે છે. સેકટર-૨૫ રેલ્વેલાઈનની બંને તરફ છે જેમાં પૂર્વ ભાગમાં રહેણાંક વિસ્તાર અને પશ્ચિમ ભાગમાં જીઆઈડીસી આવેલી છે તેથી પૂર્વ ભાગમાં રેલવે લાઈનને સમાંતર થઈને બાકીની ત્રણેય બાજુને આવરી લેતી પ્રોટેકશન વોલ બનાવવી જોઈએ તેવી લોકલાગણી પ્રવર્તી રહી છે તેવું અગ્રણી વસાહતી જે.એમ. પટેલે જણાવ્યું છે.

ઉત્તરપ્રદેશના હાથરસમાં બનેલી ઘટનાના પ્રત્યાઘાત સ્વરૂપે ભગતસિંહ કાંતિના યુવાનો દ્વારા પણ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. રાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીને એક હજાર પત્ર લખી આરોપીઓને કડકમાં કડક સજા કરી પીડિત યુવતિને ન્યાય અપાવવાની માંગ કરી છે.

વૈષ્ણોદેવી સર્કલથી બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર -સરખેજ માર્ગ પર વૈષ્ણોદેવી સર્કલ પાસેથી બાઈકની ચોરી થવા પામી છે. ચાંદખેડા ખાતે રહેતા હાર્દિક ત્રિવેદીની ફરીયાદ મુજબ તેઓ ચાંગોદર ખાતે બેકટર ફાર્માસ્યુટીકલ ઈન્ડીયા પ્રાઈવેટ લી. કંપની ખાતે સ્ટોર્સ ઓફિસર તરીકે ફરજ બજાવે છે. તેઓ ગત તા. ૪ ના રોજ વૈષ્ણોદેવી સર્કલ નજીક ગાલા હેવન પાસે બપોરના ૧ વાગ્યાના અરસામાં બાઈક મુકીને કંપનીની બસમાં બેસીને નોકરી ગયા હતા.ત્યારબાદ નોકરીથી રાત્રીના પોણા બાર વાગે તેઓ વૈષ્ણોદેવી સર્કલ ખાતે ઉતરીને જોયુ તો બાઈક જે તે સ્થળ પર ન હતું. યુવકે આસપાસના વિસ્તારમાં બે દિવસ સુધી શોધખોળ કરી હતી. પરંતુ બાઈક નહી મળી આવતા આખરે જી.જે.૦૧.જી.૭૦૭૩ નંબરના બાઈક અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સ્વર્ણીમ પાર્ક ખાતે ધરણા કરતા ૯૯ ઉમેદવારો સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરના ઘ-૪ સ્વર્ણીમ પાર્ક ખાતે સરદાર પટેલના સ્ટેચ્યુ નજીક એલઆરડી, જીપીએસસી અને એસઆરપી સહિતના ઉમેદવારો મોટીસંખ્યામાં એકઠા થયા હતા. સ્વર્ણીમ પાર્કમાં મંજુરી વિના ધરણા કરી રહેલા ૯૯ ઉમેદવારો સામે પોલીસે ગુનો નોધી તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ મંગળવારના રોજ બપોરના સમયે શહેરના સ્વર્ણીમ પાર્ક ખાતે કેટલાક યુવક-યુવતિઓ એકઠા થયા હતા. ઉમેદવારો એકઠા થઈને ધરણા યોજે તે પહેલા જ સેકટર-૭ પોલીસને જાણ થતા સ્ટાફના કર્મચારીઓ ત્યાં પહોંચી ગયા હતા. જેને પગલે યુવક-યુવતિઓનું ટોળુ એકઠા થયેલુ જોવા મળ્યું હતું. પોલીસે તેઓની પુછપરછ કરતા તેઓ જીપીએસસી, એલઆરડી અને એસઆરપી સહિતના વિવિધ ભરતીના ઉમેદવારો હતા. માસ્ક વિના તેમજ સોશ્યલ ડિસ્ટન્સ રાખ્યા વિના અને તંત્રની મંજુરી લીધા વિના એકઠા થયેલા તમામ ઉમેદવારોની અટકાયત કરી ફરીયાદ નોંધી હતી. સમગ્ર રાજયના વિવિધ શહેરમાંથી આ ઉમેદવારો ગાંધીનગર સ્વર્ણીમ પાર્કમાં સરદાર પટેલ સ્ટેચ્યું ખાતે એકઠા થતા પોલીસે કાર્યવાહી કરી હતી. ઉલ્લેખનીય છે કે સ્વર્ણિમ પાર્ક ખાતે બુધવારના રોજ પણ રાજયભરમાંથી ૭૦ જેટલા ઉમેદવારો એકઠાં થઈ વિરોધ પ્રદર્શન કરતા પોલીસે તેઓની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી કરી છે.

વર્લ્ડ સ્પેસ વીકની ઉજવણીમાં ખગોળશાસ્ત્રી ડૉ. જે.જે. રાવલનું માર્ગદર્શક સંબોધન

ગાંધીનગર, તા.૭

ગુજરાત સાયન્સ સિટી દ્વારા ચાલી રહેલા વિશ્વ અવકાશ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે મંગળવારે ડૉ. જે.જે. રાવલ સાથે અવકાશ ખગોળશાસ્ત્ર પર વેબિનાર યોજાયો હતો. સાયન્સ સિટીના ફેસબુક પેજ પરના આ વિચાર પ્રેરક સેશનમાં ૫ હજારથી વધુ લોકોએ ભાગ લીધો હતો.

યુએન દ્વારા જાહેર કરાયેલ વર્લ્ડ અવકાશ સપ્તાહ દર વર્ષે તા. ૪ થી ૧૦ ઓકટોબર વચ્ચે વૈશ્વિક સત્રે વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ સાથે ઉજવવામાં આવે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ સપ્તાહ થીમ સાથે ઉજવવામાં આવશે. આ વર્ષની થીમ 'સેટેલાઈટ જીવનમાં સુધારો કરે છે' છે.

પ્રખ્યાત એસ્ટ્રોફિઝિકસ અને વિજ્ઞાનના શિક્ષક અને ઈન્ડિયન પ્લેનેટરી સોસાયટીના સ્થાપક અધ્યક્ષ ડૉ. જે.જે. રાવલે વર્કશોપ કર્યુ હતું. જેમાં તેમણે ભારતીય ખગોળશાસ્ત્રનો ઈતિહાસ સમજાવ્યો હતો. તેમણે કહ્યું કે સ્પેસ એસ્ટ્રોનોમીએ વૈજ્ઞાનિકો અને લોકોની કલ્પનાઓને દાયકાઓથી મોહિત કરી છે. તેમણે ભારતમાં ખગોળશાસ્ત્રનો ઈતિહાસ સમજાવ્યો જયાં તેમણે બુધાયનથી લઈને પાયથાગોરસ પ્રમેયથી ચંદ્રાયન-૨ સુધીની વાત કરી હતી.

ડૉ. જે.જે. રાવલે ફેસબુક અને ટિવટર શ્રોતાઓના પ્રશ્નોના જવાબો આપ્યા જયાં તેમણે ઉમેર્યું હતું કે, વિજ્ઞાન પસંદ કરવાની પ્રેરણાના અભાવને કારણે છે કે વિદ્યાર્થીઓ અન્ય વિષયો તરફ વળે છે. પરંતુ શુદ્ધ વિજ્ઞાન એ કોઈ પણ વિકાસ માટેનો આધાર છે અને તે અંતે રોજગારની વધુ તકો ઉભી કરે છે.

એક યુવાન વિદ્યાર્થીએ પૂછયું હતું કે, 'પરંતુ સારા વિજ્ઞાની બનવા માટે કયા ગુણો હોવા જોઈએ?' તેમણે જવાબ આપ્યો કે, 'ગણિત અને ભૌતિકશાસ્ત્રનું જ્ઞાન હોવા ઉપરાંત રચનાત્મક રીતે વિચારવાની શકિત. અસલ વિચારક બનવા માટે નવીનતા સાથે તમારી કલ્પના અને વિચારોનો વિકાસ કરો.'

૩૪ કરોડની છેતરપિંડીને પગલે વેપારીની સીઆઈડી ક્રાઈમમાં ફરીયાદ

ગાંધીનગર, તા.૭

સરકારી જમીનો સસ્તામાં આપવાની લોભામણી લાલચ આપી, તે ઉપરાંત જે મિલકત તેમના નામે નથી તેવી મિલકતોના સ્ટેમ્પ કરી રૂ.૩૪ કરોડ થી વધુની રકમ છેંતરપિંડી ઠગ ટોળકીએ આચરી છે. નરોડાનો વ્યકતિ બનાવટી ટાઉન પ્લાનિગ ઓફિસર બનીને સરકારી જમીનો નામે કરવાની ખાત્રી આપી કરોડો રૂપીયા ખંખેરી લેતા અમદાવાદ રહેતા દિનેશભાઈ સોમાભાઈ પટેલ છેતરપિંડીનો ભોગ બન્યા છે. છેંતરપિંડી આચરનાર ઠગ ટોળકીના સભ્યો સામે દિનેશભાઈ પટેલ દ્વારા સીઆઈડી ક્રાઈમમાં ફરીયાદ નોંધાવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ અમદાવાદ સાયન્સ સીટી ખાતે વસવાટ કરતા દિનેશ સોમાભાઈ પટેલ (ઉં.૬૦) ની ખોરજ તેમજ સાણંદના કેટલાક વિસ્તારમાં પોતાની ખેતી લાયક જમીન હતી. આ જમીન જી.આઈ.ડી.સી માં જતા કરોડો રૂપીયાની આવક થઈ હતી. દિનેશભાઈના રૂપીયાનું રોકાણ પ્રોપર્ટી માં કરવા માંગતા હતા. જેથી તેમનો સંપર્ક રામા પ્રજાપતિ અને કલ્પેશ પટેલ સાથે થયો હતો. ત્યારબાદ દિનેશભાઈને ધંધામાં રોકાણ કરીને એક જ વર્ષમાં પૈસા ડબલ કરવાની લાલચ આપી હતી. ત્યારબાદ બંન્ને એ રાકેશ શુકલાનો પરિચય કરાવ્યો હતો. ત્યારબાદ સરકારી જમીનો કલીયર કરાવી આપવાનું કહીને વિવિધ વિસ્તારમાં ૬ જગ્યા બતાવી હતી. આ દરમિયાન ચેલાભાઈ પંચાલ જગ્યા પર ટાઉન પ્લાનીંગ ઓફિસર બનીને આવતો હતો. આ ચાર જણાની ઠગ ટોળકીએ દિનેશ પટેલના પાસેથી રોકડ તેમજ ચેક મારફતે ટુકડે ટુકડે રૂ.૩૪ કરોડ ખંખેરી લીધા હતા. જયારે દિનેશભાઈને ગોઝારીયા, ખણુસા, અને માણસા ખાતે એક પણ દુકાન કે જમીનનો ટુકડો પણ આપ્યો નથી. આ સમગ્ર મુદે દિનેશભાઈ પટેલે સીઆઈડી ક્રાઈમમાં છેંતરપિંડીની ફરીયાદ નોંધાવી છે.

ગાંધીનગરમાં છેલ્લા કેટલાક દિવસોથી કોરોનાનો કહેર વધ્યો છે. કેસ ભલે ઓછા બતાવાતા હોય પરંતુ ખરેખર દરરોજ ઘણા બધા કેસ આવી રહ્યા છે. આવી પરિસ્થિતિમાં સાવચેતીની વધુ જરુર છે. પરંતુ વસાહતીઓ હવે જાણે બિન્દાસ્ત થઈ ગયા છે. સરકાર દ્વારા જાહેરાતો કરી ચેતવણી આપવા છતાં શોપીંગ સેન્ટરો પાસે, ગલ્લાની આગળ અને ચાની કિટલીએ ટોળેટોળાં જોવા મળે છે. વળી માસ્ક પહેરવા બાબતે કોઈ દરકાર રાખતું હોય તેવું જોવા મળતું નથી. યુવાધન તો જાણે કોરોનાને અવગણી રહ્યું છે. વસાહતીઓએ કોરોનાની સાથે રહી સાવચેતી રાખવીને જીવવું પડશે અને આ વાત યુવાનોએ ખાસ સમજવાની જરુર છે. વસાહતીઓને હવે જાણે કોરોનાનો કોઈ ડર રહ્યો નથી.

સેન્ટ્રલ વર્જમાં ઉગી નીકળેલી ચોમાસુ વનસ્પતિના કારણે અકસ્માતનું જોખમ

વાહનચાલકોને વીઝનમાં મુશ્કેલી : રોડ પર ચારણ મળતાં રખડતાં ઢોર અડચણરૂપ બની રહ્યા છે : સેકટરોના કોમન પ્લોટમાં પણ ચોમાસુ વનસ્પતિના કારણે જીવાત-મચ્છરોનો ઉપદ્રવ વધ્યો : ટ્રીમીંગ સફાઈમાં ઉદાસીનતા

ગાંધીનગર, તા.૭

શહેરમાં આ વર્ષે સારી વરસાદી સીઝન જોવા મળી હતી. વરસાદી સીઝન બાદ શહેરમાં મુખ્ય માર્ગોમાં ડિવાઈડર સાથે વિકસાવાયેલા સેન્ટ્રલ વર્જમાં અનેક પ્રકારની વનસ્પતિ, ઝાડી-ઝંખરાં વગેરે ઉગી નીકળ્યું છે જેની સફાઈ અને બ્યુટિફિકેશન અંતર્ગત વાવવામાં આવેલા છોડના ટ્રીમીંગ વગેરે બાબતે તંત્રની ઉદાસીનતાને કારણે માર્ગો પર વાહનચાલકોને નડતરરૂપ સ્થિતિ સર્જાવા પામી છે તેમજ રખડતાં ઢોરને પણ આ વનસ્પતિ તેમજ ઘાસ વગેરેમાં ચારણ મળી રહેતું હોવાથી ગમે ત્યારે તેને આરોગવા ઘસી જઈ રહ્યા છે જેના કારણે અકસ્માતનું જોખમ વધ્યું છે.

ગાંધીનગરમાં સારી વરસાદી સીઝન બાદ શહેરમાં ઠેર ઠેર અનેક પ્રકારની વનસ્પતિ, ઘાસ, ઝાડી-ઝાંખરા વગેરે ઉગી નીકળ્યા છે. મુખ્ય માર્ગો વચ્ચેના સેન્ટ્રલ વર્જ ઉપરાંત સેકટરોના કોમન પ્લોટ, ખુલ્લા પ્લોટ, વન આરક્ષિત વિસ્તારો વગેરેમાં આ પ્રકારની વનસ્પતિ, ઝાડી ઝાંખરા મોટા પ્રમાણમાં જોવા મળી રહ્યા છે. સેન્ટ્રલ વર્જમાં આ સાથે ઉગી નીકળેલું ઘાસ રખડતાં ઢોરો માટે ચારણ બની રહ્યું છે અને બ્યુટિફિકેશન અંતર્ગત ઉછેરવામાં આવેલા વિવિધ છોડનો પણ વિકાસ વધ્યો છે જેના કારણે વાહનચાલકોને માર્ગ પર કે વચ્ચે આવતા 'કટ' પર યોગ્ય વિઝન પ્રાપ્ત થતું નથી. રખડતાં ઢોર ગમે ત્યારે ચારો ચારવા રોડ વચ્ચે પહોંચી જાય છે અને ગમે ત્યારે ત્યાંથી આવાગમન શરુ કરે છે જેને કારણે માર્ગો પર અકસ્માતનું જોખમ વધ્યું છે. સેન્ટ્રલ વર્જમાં ટ્રીમીંગ સાથે સફાઈ કાર્ય પણ વિસરાયું હોવાનું અનુભવાઈ રહ્યું છે. જેના કારણે 'રોડ સેફટી' બાબતે જોખમ ઉભું થયુ છે.

સેકટરોના કોમન પ્લોટસ, ખુલ્લા પ્લોટસ તેમજ વન આરક્ષિત વિસ્તારોમાં પણ ચોમાસું વનસ્પતિ-ઝાડી ઝાંખરા ઠેર ઠેર ઉગી નીકળતા તેમાં જીવાત-મચ્છર વગેરેનો ઉપદ્રવ વધી ગયો છે. જેના કારણે નાગરિકોનું જાહેર આરોગ્ય જોખમાઈ રહ્યું છે. આ બિનજરૂરી વનસ્પતિ અને ઝાડી ઝાંખરાને હટાવવા બાબતે તંત્ર ઉદાસીન જોવા મળી રહ્યું છે. વરસાદ થંભી ગયાને ઘણા દિવસો વીતવા છતાં સફાઈ કાર્ય બાબતે સેવાઈ રહેલી બેદરકારીના કારણે નાગરિકોમાં અણગમાની લાગણી પ્રસરી રહી છે. સત્વરે આ કામગીરી હાથ ધરાય તે જરુરી બન્યું છે.

ચિરવિદાય

- સ્વ. ધર્મેન્દ્રભાઈ શિવશંકર રાવલ, ઉ.વ. ૪૪, સે-૩, ગાંધીનગર
- સ્વ. ગોસાઈ જેસંગભારથી કેશાભારથી, ઉ.વ. ૭૭, વડાવસ્વામી, તા.કલોલ
- સ્વ. પુંજાજી લક્ષ્મણજી બિહોલા, ઉ.વ. ૭૦, પાલજ, તા. ગાંધીનગર
- સ્વ. બિહોલા નટુજી ગોબરજી, ઉ.વ. ૭૦, નવા પાલજ, તા. ગાંધીનગર
- સ્વ. જાલમસિંહ લક્ષ્મણસિંહ ડાભી, ઉ.વ. ૫૮, બોરીજ, ગાંધીનગર
- સ્વ. પ્રહલાદભાઈ રણછોડભાઈ પટેલ, ઉ.વ. ૭૦, લવારપુર, તા. ગાંધીનગર
- સ્વ. બળદેવભાઈ લાલજીભાઈ પટેલ, ઉ.વ. ૭૪, સેકટર-૨૬, ગાંધીનગર
- સ્વ. ઠાકોર કાશીબેન ડાહ્યાજી, ઉ.વ. ૭૦, રાંધેજા, તા. ગાંધીનગર
- સ્વ. નાથાભાઈ ઈશ્વરદાસ પટેલ, ઉ.વ. ૭૩, ઈટાદરા, તા. માણસા
- સ્વ. શાંતિભાઈ મોતીભાઈ પટેલ, ઉ.વ. ૮૧, સે-૨, ગાંધીનગર
- સ્વ. રાજાભાઈ મોતીભાઈ ભરવાડ, ઉ.વ. ૫૫, જેઠીપુરા (ફિરોજપુર), ગાંધીનગર
- સ્વ. ગોમતીબેન શંકરભાઈ પટેલ, ઉ.વ. ૬૮, સે-૨૫, ગાંધીનગર
- સ્વ. રાકેશકુમાર મણીલાલ સુથાર, ઉ.વ. ૩૮, નવા નરોડા, અમદાવાદ